**SURAT MUNICIPAL CORPORATION**
**SOUTH ZONE (UDHANA)**
**QUOTATION FORM**

| | | | |
|---|---|---|---|
| **QUOTATION NO**: **AMC/SZ/02/2018-19** | | DATE : /06/2018 | |
| APPOINTMENT OF THIRD PARTY NODAL AGENCY FOR PUBLIC QUOTATION OF PROPERTY TAX DEFAULTERS PROPERTIES FOR RECOVERY OF PROPERTY TAX. **(2nd Attempt)** | | | |
| **ESTIMATED AMT.** --- | **EMD AMT.** **5000.00** | **TENDER Fee** | |
| **VALIDITY PERIOD** | **AGENCY CATEGORY** **Experience** | | |

| REQUIRED DOCUMENTS | | |
|---|---|---|
| 1 | EXPERIENCE LETTER/PROOF OF WORKS DONE | ☑ |
| 2 | INCOME TAX CLEARANCE CERTIFICATE FOR THE LAST THREE YEARS | ☑ |
| 3 | P.F. REGISTRACTION | ☑ |
| 4 | G.S.T. REGISTRATION NO. | ☑ |
| 5 | PAN CARD/ADHAR CARD COPY | ☑ |
| 6 | ANY OTHER DOCUMENTS | ☑ |

| TENDER AVAILABILITY | |
|---|---|
| ISSUING AUTHORITY | ASSTT.MUNICIPAL COMMISSIONER, SOUTH ZONE [Udhana], Surat. |
| ISSUING OFFICE | Administrative Office, South Zone (Udhana), Opp. Satyanagar Society,. Udhana, Surat. |
| INVITING AUTHORITY | ASSTT.MUNICIPAL COMMISSIONER,SOUTH ZONE [Udhana], Surat.. |
| QUOTATION<br>START DATE :- 20/06/2018<br>LAST DATE:- 20/07/2018<br>TIME -18:00 P.M. | **QUOTATION SUBMITTED**<br>CHIEF ACCOUNTANT<br>SURAT MUNICIPAL CORPORATION<br>MUGLISARA,<br>SURAT-395001 |

**GST CLAUSE FOR CONSTRUCTION/ERECTION /COMMISSONING/INSTALLATION /REPAIRS/ MAINTENANCE/RENOVATION/ FABRICATION OF STRUCTURE INCLUDING BUILDING (MEANS ALL WORKS CONTRACT/TURN KEY PROJECTS/SUPPLY OF MATERIAL/GOODS)**

GST (Goods & Service Tax) has come in Existence from 1st July, 2017. Contractor/Successful Bidder is bound to pay any amount of GST prescribed by the Govt.of India as per the Terms of Contract agreed upon during the course of execution of this contract.

During the course of execution of Contract, if there is any change in rate of GST (Goods & Service Tax) by the Government, the same shall be reimbursed/recovered separately by SMC. subject to the submission of original receipt/proof for the amounts actually remitted by the Successful Tenderer/Contractor to the Competent Authority along with a certificate from chartered Accountant of Contractor/Successful Bidder certifying that the amount of GST paid to the Government and the same shall be intimated/submitted/claimed within 30 (Thirty) Days form the date of payment.Remittance of GST within stipulated period shall be the sole responsibility of the Successful Bidder/Contractor, failing which, SMC may recover the amount due, from any other payable dues with SMC and decision of Municipal Commissioner shall be final and binding on the Contractor/Successful Bidder in this regard. Further, the non-payment of GST to the Government may lead to the termination of contract and forfeiture of security Deposit/Performance Guarantee Amount.

If imposition of any other new taxes/Duties/Levies/Cess or any other incidentals etc. or any increase in the existing taxes/Duties/Levies/Cess or any other incidentals etc. (Excluding GST) are imposed during the course of the contract, the same shall be borne by the contractor/successful Bidder only, in no case SMC shall be liable for the same.

SIGNATURE OF ISSUING AUTHORITY & DATE

ASST.MUNI.COMMISSIONER

SOUTH ZONE [UDHANA]

SURAT MUINICIPAL CORPORATION

(કંપનીના લેટર હેડ ઉપર)

**બંધ કવર–૧**

સાઉથ ઝોન (ઉધના) માં આકારણી અને વેરા વસુલાત થયેલ નથી તે મિલ્કતોની જાહેર હરાજીથી લિલામ કરી વેરા વસુલાતની કામગીરી કરવા થર્ડ પાર્ટી નોડલ એજન્સીની નિમણુંક કરવા બાબત

# કવોટેશન ફોર્મ

| અ.નં. | કામનું નામ | નોડલ એજન્સીનું નામ | ઈ.એમ.ડી.ની રકમ | ઈ.એમ.ડી. નો ચેક સુરત શહેરનો રાષ્ટ્રિયકૃત બેંકનો બેંકસ ચેક કે ડી.ડી. શાખા/નંબર/ તારીખ વિ.જણાવવું. | ડોકયુમેન્ટની વિગત અનુ.નં. ૩(૧૧) મુજબ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

નોંધઃ– આ કવોટેશ ફોર્મ બંધ કવર માં ભાવપત્રક કવર–૧ અલગ કવરમાં મુકવું.

–––––––––––––––––––

નોડલ એજન્સીની સહી–સિકકા

તારીખ............................

(કંપનીના લેટર હેડ ઉપર)

**બંધ કવર–૨**

**પ્રતિ,**
**આસી.મ્યુનિ.કમિશ્નરશ્રી,**
**સાઉથ ઝોન (ઉધના)**
**સુરત મહાનગરપાલિકા.**

**વિષયઃ–** **સાઉથ ઝોન (ઉધના) માં આકારણી અને વેરા વસુલાત થયેલ નથી તે મિલ્કતોની જાહેર હરાજીથી લિલામ કરી વેરા વસુલાતની કામગીરી કરવા થર્ડ પાર્ટી નોડલ એજન્સીની નિમણુંક કરવા બાબત**

સંદભઃ– આપની ભાવપત્રક નોટીસ નંબર........................................

તારીખ..................

મહેરબાન સાહેબ,

સવિનય ઉપરોક્ત વિષય અને અનુસંધાનમાં જણાવવાનું કે અમો નોટીસમાં જણાવ્યા મુજબની કામગીરી કરવા સંમત છીએ અને અમારા ભાવપત્રક ની માહિતી નીચે મુજબ દર્શાવેલ છે.

| અ.નં. | ફી ની રકમ | GST સાથેની રકમ | કુલ રકમ |
|---|---|---|---|
| | | | |

**નોંધઃ– આ ફોર્મ બંધ કવર માં ભાવપત્રક કવર–૨ અલગ કવરમાં મુકવું.**
**બંન્ને (કવર–૧ તથા કવર–૨) ભેગા કવર કરી એક મોટા અલગ કવરમાં મુકવું.**
**કવર ઉપર કામનું નામ/નોડલ એજન્સીનું આખુ નામ, સરનામુ, મો.નંબર અવશ્ય લખવો.**

લિ.

–––––––––––––––––––

**નોડલ એજન્સીની સહી–સિક્કા**

**તારીખ............................**

**નોડલ એજન્સીએ કરવાની કામગીરીની માહિતી નીચે મુજબ છે.**

# (૧) <u>સ્કોપ ઓફ વર્ક</u>

## <u>નોડલ એજન્સી ધ્વારા કરવાની કામગીરીની વિગત</u>

સુરત મહાનગરપાલિકામાં આવેલ મિલકતો સંદર્ભે નિયમનુસાર બીલ, નોટીસ, મિલકત ટાંચમાં લેવા બદલનુ જપ્તી વોરંટની બજવણી બાદ મ્યુ. કર ભરપાઈ થયેલ ન હોય તેવા લેણદારો સામે ધી જી.પી.એમ.સી. એકટની કલમ ૪૬૬/૧(બી) અન્વયે જાહેર હરાજીથી મિલકતનું વેચાણ કરવા સંદર્ભેની તમામ કામગીરી.

(૧) જે મિલકતમાં મ્યુ. કર બાકી હોય તેની અદ્યતન યાદીની ચકાસણી કરવી.

(૨) મ્યુ. કર વસુલ કરવા માટે બીલ, નોટીસ, મિલકત ટાંચમાં લેવા જપ્તીનું વોરંટ કાયદેસર પ્રક્રિયા મુજબ બજાવેલ છે તેની ખરાઈ કરવા.

(૩) બાકી મ્યુ. કર માટે સંબંધિત મિલકતોના માલિકી હકક, કબજા હકક બાબતે ખરાઈ કરવી. જે તે મિલકતોની સ્થળ તપાસ, સીલીંગ, ચર્તુસીમા, વપરાશી હકકો વિગેરેની ખરાઈ કરવી.

(૪) બાકી મ્યુ. વેરા વાળી મિલકતોનું ગર્વમેન્ટ એપ્રુવડ વેલ્યુઅર પાસે વેલ્યુએશન કરાવવું.

(૫) વેલ્યુએશન રીપોર્ટના આધારે જાહેર હરાજી માટેની કાયદાકીય નોટીસ (શરતો સહિત) પ્રસિધ્ધ કરવા અંગેનો ખરડો તૈયાર કરી રજુ કરવો, ખરડો એપ્રુવ થયેથી પ્રસિધ્ધિ અંગેની કાર્યવાહી કરવી.

(૬) હરાજી માટે પ્રસિધ્ધ કરવામાં આવેલ નોટીસો મુજબની મિલકતોની અન્ય કોઈ સંસ્થાઓ, સરકારી કે અર્ધસરકારી કે અન્ય કોઈ પણ બોજો, ગીરો હોય તેની ચકાસણી કરવી.

(૭) હરાજીનો મુસદો પ્રસિધ્ધ થયા બાદ કોઈ પણ લીગલ નોટીસ, મિલકતદારની નોટીસ કે સરકારી / અર્ધસરકારી કચેરીઓ તરફથી આવેલ નોટીસ તેમજ અન્ય કોઈપણ નોટીસનો પ્રત્યુત્તરનો ખરડો તૈયાર કરવો. અને તે સંબંધિતશ્રીને મળે તે મુજબની કાર્યવાહી કરવી.

(૮) હરાજી પહેલા હરાજી માટે ન્યુટ્રલ (તટસ્થ) વ્યકિતઓની કમિટી બનાવી અને તેની નિમણુંક અંગેની તથા તમામ સંકલનની કામગીરી કરાવવી.

(૯) હરાજી વખતે જરૂરી બોલીઓ અને શરતોનો ડ્રાફટ તૈયાર કરી એપ્રુવ કરાવવો.

(૧૦) હરાજી વખતે રાખવાજોગ તમામ પ્રકારની કાળજી લેવા આગોતરુ આયોજન કરી વ્યવસ્થા જાળવવા મુસદો રજુ કરવો.

(૧૧) હરાજીના સમય પહેલા, દરમ્યાન અને બાદના કોઈપણ કાનુની પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેની કાર્યવાહી કરવા માર્ગદર્શન અને મુસદો રજુ કરવો.

(૧૨) મિલકત વેચાણ થયેથી વસુલ આવેલ રકમમાંથી પ્રથમ મ્યુ. કર વસુલ લઈ બાકી રહેલ નાણાં મ્યુ. તિજોરીમાં જમા કરાવવા.

(૧૩) હરાજી બાદ વેચાણ રાખનાર મિલકતદાર પાસે નિયમાનુસાર નાણાંની વસુલાત કરી દસ્તાવેજને લગતી તમામ કાર્યવાહી કરાવી તેમજ વેચાણ રાખનારને પ્રત્યક્ષ કબ્જો મળી રહે તે માટેની તમામ કામગીરી કરવી.

(૧૪) મિલકત વેચાણ થયા બાદ કોઈ અન્ય સંસ્થા ધ્વારા જમા નાણાં અંગે કોઈ અરજી કે નોટીસ મળે, કોર્ટ પ્રકરણ થાય તો તેના જવાબનો ખરડો તૈયાર કરવા અને તે અંગેની આનુષાંગિક કાર્યવાહી કરાવવી.

## (૨) પેમેન્ટ અંગેની શરતો

નિયુકત થયેલ એજન્સીને તેઓએ કરેલ કાર્યવાહી બદલ નીચે મુજબની શરતોને આધીન પેમેન્ટ ચુકવવામાં આવશે

(૧) હરાજી કરવાની મિલકતની ચકાસણી કરી હરાજીના ડ્રાફ્ટ તૈયાર કરવા સુધીની કામગીરીના ૧૦% પેમેન્ટ

(૨) હરાજીની કાર્યવાહી સંપુર્ણપણે પૂર્ણ થાય ત્યાં સુધીની કામગીરીના – ૪૦% પેમેન્ટ

(૩) મિલકતનો કબ્જો સોંપવા તથા દસ્તાવેજ કરવા સુધીની કામગીરીના – ૩૦% પેમેન્ટ

(૪) મિલકતના દસ્તાવેજ થઈ ગયા બાદ કોઈ વાંધો ઉપસ્થિત ન થાય કે કોઈ કાનુની ગુંચ ઉપસ્થિત ન થાય તે બાબતને ધ્યાનમાં રાખી દસ્તાવેજ થયાની તારીખથી બે માસ બાદ – ૨૦% પેમેન્ટ

## (૩) એજન્સીની નિમણુંક અંગે ધ્યાનમાં રાખવા જોગ બાબતો

(૧) ઉપરોકત પેમેન્ટની શરતો મુજબ જ તબકકાવાર પેમેન્ટની ચુકવણી કરવામાં આવશે.

(૨) જે તે કાર્યવાહીનો તબકકો પૂર્ણ થયેલ હોય અને ત્યારબાદ જો એજન્સી હરાજીની કામગીરીમાં જોડાય તો તે પૂર્ણ થયેલ કાર્યવાહીનું પેમેન્ટ ચૂકવવા પાત્ર રહેશે નહિ.

(૩) મિલકતની વેલ્યુએશન માટે સરકાર માન્ય વેલ્યુઅરની નિયુકિત કરવાની રહેશે. નિયુકત થયેલ વેલ્યુઅરને વેલ્યુએશન ફી સરકારી ધારા ધોરણ મુજબની છે કે કેમ તેની ખાતરી એજન્સી ધ્વારા આપ્યા બાદ અત્રેથી ચુકવવામાં આવશે.

(૪) સોંપવામાં આવેલ કાર્યવાહી સમય મર્યાદામાં પૂર્ણ ન થાય અથવા તો કામગીરીમાં કોઈપણ પ્રકારની નિષ્કાળજી માલમ પડે તો કોર્પોરેશન ધ્વારા કરવામાં આવેલ એજન્સી કરાર રદ કરવાને પાત્ર થશે અને તે અંગે એજન્સી કોઈ પણ પ્રકારની તર તકરાર ઉપસ્થિત કરશે તો તે ગ્રાહય રાખવામાં આવશે નહિ તથા કરેલ કામગીરીનું કોઈ પણ પ્રકારનું પેમેન્ટ મળવા પાત્ર રહેશે નહિ.

(૫) સોંપવામાં આવેલી કામગીરીની સમયમર્યાદા કરતા સાત દિવસ કે તેથી વધુ મોડુ થવાના કિસ્સામાં અથવા તો જે તે તબકકાની કોઈ પણ કામગીરીમાં ખામી જણાય તો પ્રથમ સાત દિવસ માટે લઘુતમ રૂા.૫૦૦/– અને ત્યારબાદ વધુ વિલંબના પ્રતિ દિન રૂા.૫૦૦/– ના ગુણાંકમાં પેનલ્ટી રૂપે કાપવામાં આવશે.

(૬) કામગીરી કરવા માટે રસ ધરાવનાર એજન્સીએ રૂા.૧૦૦/– ના નોન જયુડીશીયલ સ્ટેમ્પ પેપર ઉપર કરારનામું કરી આપવાનું રહેશે.

(૭) સોંપવામાં આવેલ કામગીરીના કુલ માંગણાંની બે ટકા લેખે સીકયુરીટી ડીપોઝીટ પેટે વર્ક ઓર્ડર મળ્યાની તારીખથી દિન–૭માં નાણાં જમા કરાવવાના રહેશે. જેના ઉપર કોઈ પણ પ્રકારનું વ્યાજ મળશે નહી. કામગીરી પૂર્ણ થયેથી સીકયુરીટી ડીપોઝીટ વગર વ્યાજે પરત કરવામાં આવશે.

(૮) નિયુકત થયેલ એજન્સી ધ્વારા સોંપવામાં આવેલ કામગીરી જો અધવચ્ચે થી બંધ કરવા માંગે અથવા બંધ કરી નાંખે તેવા સંજોગોમાં તેઓએ ભરેલ સીકયુરીટી ડીપોઝીટના નાણાં જપ્ત કરવામાં આવશે.

(૯) એજન્સીએ કામગીરી શરૂ કરતા પહેલા કામગીરી દરમ્યાન અને કામગીરી પૂર્ણ થાય ત્યાં સુધી તમામ પ્રકારની કાયદાકીય પ્રક્રિયા અને સંપુર્ણ કાનુની કાર્યવાહી કરવાની જવાબદારી રહેશે.

(૧૦) સુરત મહાનગરપાલિકાને કોઈ પણ કારણ આપ્યા વગર સદર કરાર રદ / કેન્સલ કરવાનો અબાધિત અધિકાર રહેશે. જે નિયુકત ન થયેલ એજન્સીઓને માન્ય રહેશે.

(૧૧) બંધ કવર સાથે ડોકયુમેન્ટ નીચે મુજબના સામેલ કરવા તથા દરેક ડોકયુમેન્ડ ઉપર સહી સિકકા મારવા.

– અનુભવ અંગેના પુરાવા
– પી.એફ.રજીસ્ટ્રેશન
– જી.એસ.ટી.રજીસ્ટ્રશન નંબર
– પાનકાર્ડ / આધાર કાર્ડની કોપી
– બીજા અન્ય ડોકયુમેન્ટ

(૧૨) સદર કામે થર્ડ પાર્ટી નોડલ એજન્સીએ ભાવપત્રક ભરનારે GST સરકારશ્રી તરફથી GST નો નિયમ લાગુ પડેલ છે તેનો અમલ કરવાનો રહેશે. થર્ડ પાર્ટી નોડલ એજન્સીએ પોતાના લેટરપેડ ઉપર રાજય સરકારના તમામ પ્રકારના વેરા/કરવેરા ટેક્ષ સહીતના ભરેલ ભાવપત્રકો સીલબંધ કવરોમાં ભરવાના રહેશે.

આસી.કમિશનર
સાઉથઝોન(ઉધના)
સુરત મહાનગરપાલિકા

**ઉકત તમામ શરતો મે વાંચી છે અને મને કબુલ મંજુર છે.**

---

**નોડલ એજન્સીની સહી તથા સિકકો**

તારીખ:.............................